# ભારતીય બંધારણ

- આમુખ, મૂળભૂત અધિકારો, ન્યાયતંત્રની સ્વતંત્રતા, સર્વોચ્ચ અદાલત કે વડી અદાલતના ન્યાયાધીશને રૂખસદ, ઉપરાષ્ટ્રપતિ પદ , રાષ્ટ્રપતિ,સુપ્રીમકોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધીશોની મહાભિયોગ પ્રક્રિયા , ન્યાયિક પુનરાવલોકન વગેરે જોગવાઈઓ અમેરિકાના બંધારણમાંથી લેવામાં આવેલ છે.
- રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, રાષ્ટ્રપતિની ચૂંટણી,રાજ્યસભામાં નિમણૂંક વગેરે જોગવાઈઓ આયર્લેન્ડ બંધારણમાંથી લેવામાં આવેલ છે.
- એક નાગરિકત્વ, કાયદાનું શાસન, સંસદીય પ્રથા (લોકશાહી), મંત્રીમંડળ પ્રણાલી, કાયદો ઘડવાની પ્રક્રિયા વગેરે બ્રિટન બંધારણમાંથી સ્વીકારવામાં અઆવેલ છે. બ્રિટનનું બંધારણ લેખિત નથી.
- શેષ સત્તાઓ, સમવાય તંત્ર ,કેન્દ્રની અવશેષી સત્તા, કેન્દ્ર દ્વારા રાજ્યના રાજ્યપાલોની નિમણૂંક, અને સર્વોચ્ચ ન્યાયાલયનું સલાહકારી ન્યાય નિર્ણયન અંગેની જોગવાઈઓ કેનેડા બંધારણમાંથી સ્વીકારવામાં આવેલ છે.
- સંયુક્ત યાદી અને સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠક અંગેની જોગવાઈ ઓસ્ટ્રેલીયા બંધારણમાંથી સ્વીકારમાં આવેલ છે.
- કટોકટીદરમ્યાન મૂળભૂત અધિકારો મોકૂફ રાખવાની જોગવાઈ જર્મની બંધારણમાંથી સ્વીકારવામાં આવેલ છે.
- મૂળભૂત ફરજો અને બંધારણના આમુખમાં ન્યાયનો સિધ્ધાંત રશિયા બંધારણમાંથી સ્વીકારવામાં આવેલ છે.
- સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વનો સિધાંત ફ્રાંસ બંધારણમાંથી સ્વીકારવામાં આવેલ છે.
- બંધારણીય સુધારાઓ અને રાજ્યસભાના સભ્યોની ચૂંટણીઓ દક્ષિણ આફ્રિકા બંધારણમાંથી સ્વીકારવામાં આવેલ છે.
- કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા જાપાન બંધારણમાંથી સ્વીકારવામાં આવેલ છે.



ભારતીય બંધારણ

## ભારતીય બંધારણની વિશેષતાઓ:-

- વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ છે.
- ભારતીય બંધારણ ઘડવૈયાઓએ આશરે ૬૦ જેટલા દેશોનો બંધારણોનો અભ્યાસ કરેલો.
- બંધારણ સભાની પ્રથમ બેઠક તા. ૯ ડીસેમ્બર ૧૯૪૬ના રોજ મળી હતી.
- ભારતીય બંધારણ સભાના બંધારણીય સલાહકાર બી.એન.રાવ હતા.
- ડૉ. બી.આર. આંબેડકરને 'ભારતના બંધારણના પિતા' કહેવામાં આવે છે તથા તેમણે ' આધુનિક મનુ' પણ કહેવામાં આવે છે.
- બંધારણ સભાના પ્રથમ વક્તા ડૉ. રાધાકૃષ્ણન હતા.
- આ કામચલાઉ બેઠકના અધ્યક્ષ તરીકે ડૉ. સચ્ચિદાનંદ સિંહા હતા.
- તા.૧૧ ડીસેમ્બર ૧૯૪૬ના રોજ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને કાયમી અધ્યક્ષ તરીકે નિમણૂંક થઇ.
- પંડિત જવાહરલાલ નેહરૂએ બંધારણનો ઉદ્દેશ ઠરાવ તા.૧૩ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ બંધારણ સભામાં રજૂ કર્યો.
- બંધારણસભાએ તા. ૨૧ જાન્યુઆરી ૧૯૪૭ના રોજ તેનો સ્વીકાર કરવામાં આવ્યો.
- બંધારણીય સભામાં કુલ ૩૮૯ સભ્યો હતા.
- બંધારણ સભાના કુલ આઠ અધિવેશન અને ૧૦૫ બેઠકો મળી હતી.
- આપનું બંધારણ લેખિત છે.બંધારણ સમિતિએ તા.૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બહાલી આપવાના આવી. જેમાં કુલ ૨૮૪ સભ્યો હાજર હતા. જેમાં ૮ મહિલાનો સમાવેશ થાય છે.ભારતના બંધારણના મંજૂરી રૂપે હસ્તાક્ષર કર્યા હતા.
- ભારતીય બંધારણનો અમલ તા. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી થયો. ભારતને ગણતંત્ર જાહેર કરવામાં આવ્યું.
- ભારતીય બંધારણ ઘડતાં ૨ વર્ષ, ૧૧ માસ, અને ૧૮ દિવસની જેટલો સમય થયો હતો.
- બંધારણ નિર્માણમાં કુલ ૬૪ લાખ રૂપિયા જેટલો ખર્ચ થયો હતો.
- બંધારણ સભાની આઠ સમિતિઓ હતી. જેમાં સંઘશક્તિ સમિતિ, સંઘીય બંધારણ સમિતિ અને રાજ્યો માટે સમિતિના અધ્યક્ષ જવાહરલાલ નેહરૂ હતા. પ્રાંતીય બંધારણ સમિતિ અને મૂળભૂત અધિકારો અને અલ્પસંખ્યક સંબંધી પરામર્શ સમિતિના અધ્યક્ષ સરદાર પટેલ હતા., પ્રક્રિયા નિયમ સમિતિ અને સંચાલન સમિતિના અધ્યક્ષ ડૉ.રાજેન્દ્રપ્રસાદ હતા., ઝંડા

સમિતિના અધ્યક્ષ જે.બી.કૃપલાણી અને પ્રારૂપ સમિતિના અધ્યક્ષ ડૉ.બી.આર.આંબેડકર હતા.

- ભારતના મૂળ બંધારણમાં ૩૯૫ અનુચ્છેદો અને ૮ પરિશિષ્ટો હતા. વર્તમાન સમયમાં અનેક સુધારો થયા છે. અત્યારે ૧૨ પરિશિષ્ટો છે.
- આમુખ એ બંધારણ ઘડવૈયાઓના માનસને સમજવાની ચાવી છે. આમુખમાં રાષ્ટ્રની એકતા અને એકસૂત્રતા, લોકશાહી અને સ્વતંત્રતાનો ઉલ્લેખ છે.
- સ્વતંત્રતા બાદ, ભાષાના આધારે પ્રથમ આંધપ્રદેશ રાજ્યની સ્થાપના થઇ હતી.
- પ્રારૂપ સમિતિની રચના તા. ૨૦ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ રચના થઇ તેના અધ્યક્ષ તરીકે ડૉ.બી.આર. આંબેડકર હતા. આ સમિતિમાં એન, ગોપાલસ્વામી આયંગર, અલ્લાદી કૃષ્ણા સ્વામી અય્યર, મોહમ્મદ સાદુલ્લાહ સૈયદ, કે.એમ.મુનશી , બી.એલ.મિત્તર ( પાછળથી માધવરાવ) અને ડી.પી.ખેતાન ( તેમનું મરણ થતાં ટી.ટી.કૃષ્ણામાચારી) જેવા અન્ય સાત સભ્યો હતા

ભારતીય બંધારણ

# ભારતીય અનુચ્છેદ અને જોગવાઇઓ

| અનુસૂચિ નંબર | અનુચ્છેદ | બંધારણમાં કરેલ જોગવાઈઓ |
|---|---|---|
| **ભાગ-૧ સંઘ અને તેનો વિસ્તાર** | | |
| ૧ | | ભારત રાજ્યોના સંઘ અને તેનો વિસ્તાર |
| ૨ | | સંસદ પોતાને યોગ્ય લાગે તે શરતોથી સંઘમાં કોઈ નવા રાજ્યને પ્રવેશ આપી શકે છે. અથવા નવા રાજ્યની સ્થાપના કરી શકે છે. |
| ૩ | | કેન્દ્ર સરકારને નવા રાજ્યની રચના માટે અધિકૃત કરે છે. |
| ૪ | | અનુચ્છેદ ૨ અને ૩ની પ્રક્રિયાનો અનુચ્છેદ ૩૬૮ અનુસાર બંધારણના સંશોધન માનવામાં આવશે નહી પરંતુ આ ખરડો સાદી બહુમતી અને સામાન્ય ન્યાયિક પ્રક્રિયાના પસાર કરવાથી લાગુ પડી જશે. |
| **ભાગ-૨ નાગરિકત્વ** | | |
| ૫ | | વ્યક્તિ ભારતીય હોવો જોઈએ. |
| ૬ | | પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરી ભારતમાં આવેલ વ્યક્તિના નાગરિકતાના અધિકારો. |
| ૭ | | પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરેલ વ્યક્તિઓના નાગરિકત્વ જીશે જોગવાઈ કરવામાં આવેલ છે. |
| ૮ | | મૂળ ભારતની પરંતુ ભારત બહાર રહેતી કેટલીક વ્યક્તિઓના નાગરિકત્વના અધિકારો વિષે જોગવાઈ છે. |
| ૯ | | કોઈ વ્યક્તિએ સ્વેચ્છાએ કોઈ વિદેશી રાજ્યનું નાગરિકત્વ સ્વીકારેલ હોય તે અનુ.-૫ કે અનુ.-૬ અથવા અનુ.-૮ હેઠળ ભારતીય નાગરિક ગણાશે નહિ. |
| ૧૦ | | નાગરિકતાના અધિકારો ક્યાં સુધી રહેશે ? |
| ૧૧ | | સંસદ દ્વારા નાગરિકતાના અધિકારોનું કાયદા દ્વારા સ્થગિત કરવું. |
| **ભાગ-૩ મૂળભૂત અધિકારો** | | |
| ૧૨ | | મૂળભૂત અધિકારોની વ્યાખ્યા. |
| ૧૩ | | મૂળભૂત અધિકારોથી અસંગત અથવા તેમનેઘટાડવાની વિધિઓ. |
| ૧૪ | | કાયદા સમક્ષ સમાનતા અથવા કાયદાનો સમાન રક્ષણનો ઇનકાર કરશે નહિ.( મૂળભૂત હક્કો) |
| ૧૫ | | ધર્મ, જાતિ, જ્ઞાતિ,લિંગ અથવા જન્મસ્થાન અંગે કોઈ ભેદભાવ નહિ. |
| ૧૬ | | નોકરીઓ અને શિક્ષણ સંસ્થામાં અનામતની જોગવાઈ (જાહેર રોજગારીની બાબતોમાં તકની સમાનતા) |

| | |
|---|---|
| ૧૭ | અસ્પૃશ્યતા નાબૂદી ( સામાજિક સમાનતા) |
| ૧૮ | ઈલ્કાબોની નાબૂદી ( સામાજિક સમાનતા) |
| ૧૯ | વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો અધિકાર |
| ૨૦ | કોઈપણ વ્યક્તિને એક જ અપરાધ માટે એક કરતાં વધારે વાર દોષિત જાહેર કરી શકાય નહિ (ગુનાઓ માટે દોષસિદ્ધિ સંબંધમાં રક્ષણ) |
| ૨૧ | જીવન અને અંગત સ્વાતંત્ર્યનો મૂળભૂત અધિકાર |
| ૨૧/A | નિશુલ્ક અને ફરજીયાત શિક્ષણ ( ૬ થી ૧૪ વર્ષ ) |
| ૨૨ | ધરપકડ અને અટકાયત સામે રક્ષણનો મૂળભૂત અધિકાર. |
| ૨૩ | માનવ વેપાર અને વેઠ પર પ્રતિબંધ |
| ૨૪ | કારખાનામાં કે ખાણમાં બાળકોને કામે રાખવા પર પ્રતિબંધ |
| ૨૫ | ધર્મની માન્યતા, મુક્તપણે પાલન કરવાનું સ્વાતંત્ર્ય આપેલ છે. અને ધાર્મિક પ્રસાર, પ્રચાર અને પાલન કરવાનો નો મૂળભૂત અધિકાર છે. |
| ૨૬ | ધાર્મિક બાબતોના વહીવટનું સ્વાતંત્ર્ય. જેવો કે સંસ્થા સ્થાપવાનો, તેનો વહીવટ કરવાનો અધિકાર. |
| ૨૭ | કોઈ ચોક્કસ ધર્મ કે સંપ્રદાયની ઉન્નતિ માટે થતો હોય તે કર ચૂકવવા માટે કોઈને ફરજ પાડી શકાય નહિ. |
| ૨૮ | ધાર્મિક શિક્ષણ સંસ્થામાં હાજર ન રહેવાનું સ્વાતંત્ર્ય |
| ૨૯ | દરેક નાગરીકને પોતાની ભાષા, લિપિ અને સંસ્કૃતિ જાળવી રાખવાનો મૂળભૂત અધિકાર છે. લઘુમતીઓના હિતોનું રક્ષણ |
| ૩૦ | તમામ ભાષાકીય અને ધાર્મિક લઘુમતીઓને પોતાની શિક્ષણ સંસ્થા સ્થાપવાનો અને તેના વહીવટનો મૂળભૂત અધિકાર. |
| ૩૧ | લઘુમતી શિક્ષણ સંસ્થાને સહાય આપતી વખતે ભેદભાવ રાખી શકે નહિ. |
| ૩૨ | બંધારણીય ઉપાયનો મૂળભૂત અધિકાર (બંધારણનો આત્મા) |
| ૩૩ | સંસદને મૂળભૂત અધિકારો,સશસ્ત્ર દળો અથવા વ્યવસ્થાની જાળવણી કરવાની ફરજો. |
| ૩૪ | સંસદને જ્યાં માર્શલ લો અમલમાં હોઈ તે વિસ્તારમાં કોઈ વ્યક્તિને તેણેકરેલ કૃત્ય માટે અપરાધમુક્તિ બક્ષવાની સત્તા છે. |
| ૩૫ | રાષ્ટ્રપતિએ કટોકટીનું જાહેરનામું પ્રગટ કરેલ હોય ત્યારે આવું જાહેરનામું અમલમાં રહે ત્યાં સુધી વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો અધિકાર મોકૂફ રહે છે. |

## ભાગ-૪

## રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

| | |
|---|---|
| ૩૭ | દેશના સંચાલનમાં મૂળભૂત સિદ્ધાંતો છે અને કાયદાઓ ઘડવામાં આ સિદ્ધાંતો લાગુ પાડવાની રાજ્યની ફરજ છે. |

| | |
|---|---|
| ૩૮ | રાજ્ય લોક કલ્યાણ માટેની સમાજ વ્યવસ્થા સિદ્ધ કરશે. સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાયથી રાષ્ટ્રીય જીવનની તમામ સંસ્થાઓ માહિતગાર થયેલ હોય. |
| ૩૯ | રાજ્યે નીતિના કેટલાક સિદ્ધાંતો અનુસરવા જોઈએ. |
| ૩૯/ એ | જીવન ટકાવવા માટેના સાધનોનો સમાન અધિકાર ( સમાન ન્યાય અને નિ:શુલ્ક કાનૂની સહાય મળે તે માટે રાજ્યે કાયદો ઘડવો જોઈએ |
| ૪૦ | પંચાયતીરાજની જોગવાઈ (ગ્રામ પંચાયતોની સ્થાપના ) |
| ૪૧ | રાજ્યના લોકોને કામ, શિક્ષણ અને મદદનો અધિકાર પૂરા પાડવાની ફરજ છે. |
| ૪૨ | કામની ન્યાયી અને વાજબી શરતો અને પ્રસૂતિ રાહત અંગે જોગવાઈ કરવી. |
| ૪૩ | કામદારો માટે કામ, યોગ્ય નિર્વાહ તેમ જ વિકાસની તકો મળે તે જોવાની ફરજ છે. નિર્વાહ વેતન મેળવવાનો અધિકાર |
| ૪૩/ A | કામદારોની ઉદ્યોગોમાં ભાગીદારીનો સિધ્ધાંત સ્વીકાર્યો છે. |
| ૪૪ | સમગ્ર ભારતીય પ્રદેશ માટે સમાન નાગરિક ધારો ઘડવા પ્રયત્નો કરવા જોઈએ. |
| ૪૫ | ૬ વર્ષ હેઠળના બાળકના બચપણની કાળજી અને શિક્ષણ માટે જોગવાઈ કરવામાં આવી છે. |
| ૪૬ | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને તેમજ નબળા વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતોની કાળજી લેવી. |
| ૪૭ | લોકોના પોષણનું સ્તર અને જીવનધોરણ સુધારવાની ફરજ છે. આરોગ્યને નુકસાનકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. |
| ૪૮ | રાજ્યે ખેતી અને પશુ ઉછેર માટે આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે વ્યવસ્થા કરવી જોઈએ. પશુઓની કતલ પર પ્રતિબંધ મૂકવાનો પ્રયત્ન કરવો જોઈએ. |
| ૪૯ | રાજ્યે પર્યાવરણનું રક્ષણ તેમ જ તેમાં સુધારણા કરવાનો દેશના જંગલો અને જંગલી જીવોનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. તથા ઐતિહાસિક સ્મારકોનું રક્ષણ કરવું. |
| ૫૦ | ન્યાયતંત્ર ને કારોબારીથી અલગ કરવા પ્રયત્ન કરવો જોઈએ. |
| ૫૧ / A | આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીને પ્રોત્સાહન |
| ૫૧ / B | રાષ્ટ્રો વચ્ચે પરસ્પર ન્યાયી અને ગૌરવપૂર્વક સંબધો જાળવવા. |
| ૫૧ / C | આંતરરાષ્ટ્રીય કાયદા અને સંધિઓને લગતી ફરજો પ્રત્યેનો આદર વધારવો. |
| ૫૧ / D | આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનો નિવેડો લવાદથી લાવવા પ્રોત્સાહન આપવું |
| | **રાષ્ટ્રપતિ** |
| ૫૨ | ભારતના રાષ્ટ્રપતિના હોદ્દાની જોગવાઈ કરાયેલ છે. |
| ૫૩ | કેન્દ્રની પૂરેપૂરી કારોબારી સત્તા રાષ્ટ્રપતિમાં સ્થાપિત થાય છે. લશ્કરી દળોમાં સર્વોચ્ચ સત્તા પણ રાષ્ટ્રપતિમાં સ્થાપિત થાય છે. |
| ૫૪ | સંસદના બંને ગૃહો ચૂંટાયેલા સભ્યો અને રાજ્યની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો હોવા છતાં, રાષ્ટ્રપતિ પ્રધાનમંડળની મદદ કે સલાહ વગર પોતાની કારોબારી સત્તા વાપરી શકતા નથી. |

| | |
|---|---|
| ૫૫ | રાષ્ટ્રપતિની ચૂંટણી એકલ સંક્રમણીયમતથી સપ્રમાણ પ્રતિનિધિત્વની રીતથી થય છે. મતદાન ગુપ્ત રહે છે. |
| ૫૬ | તે વ્યક્તિ ભારતીય નાગરિક હોવી જોઈએ. |
| ૫૭ | તેની ઉંમર ૩૫ વર્ષ પૂરા થયેલ હોવા જોઈએ. |
| ૫૮ | લોકસભાની ચૂંટણી માટે તે વ્યક્તિ લાયકાત ધરાવતી હોવી જોઈએ. |
| ૫૯ | આવી વ્યક્તિ નફાનો કોઈ ફાયદો ધરાવતી હોવી જોઈએ નહિ |
| ૬૦ | હોદ્દો ધારણ કરતાં અગાઉ કાં તો ઈશ્વરના નામે અથવા સત્ય પ્રતિજ્ઞા પર સોગંદ લેવા જોઈએ. સોગંદનો નમૂનો દ્વિતીય પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે. |
| ૬૧ | ભારતના રાષ્ટ્રપતિની મહાભિયોગની પ્રક્રિયા હાથ ધરાય ત્યારે સંસદે નિમેલ પંચ દ્વારા તેમના કાર્યોની સમીક્ષા કરી શકાય છે. |
| ૭૩ | પંચાયત રાજને બંધારણીય દરજ્જો |
| **મંત્રીમંડળરચના** | |
| ૭૪ | મ્યુનિસિપાલિટીને બંધારણીય દરજ્જો |
| ૭૫ | રાષ્ટ્રપતિની ઈચ્છા સુધી પ્રધાનમંડળના સભ્યો હોદ્દો ભોગવી શકે છે. |
| ૭૬ | રાષ્ટ્રપતિને ભારતના એટર્ની જનરલની નિમણૂંક કરવાની સત્તા છે. |
| ૮૦ | રાજ્યસભાનું વિસર્જન થતું નથી. તેના ૧/૩ સભ્યો દર બે વર્ષે નિવૃત થતાં હોય છે. રાજ્યસભામાં ચૂંટાયેલા સભ્યો ૨૩૮ અને બાકીના ૧૨ સભ્યોની નિમણૂંક સાહિત્ય,વિજ્ઞાન અને સમાજસેવાના ક્ષેત્રોમાં સંકળાયેલ વ્યક્તિઓની રાષ્ટ્રપતિ કરે છે. |
| **સંસદ** | |
| ૮૧ | લોકસભાની રચના કરવામાં આવે છે. લોકસભાની ચૂંટણી દર પાંચ વર્ષે પુખ્તમતાધિકારી ધોરણે કરવામાં આવે છે. |
| ૮૪ | સંસદ સભ્ય થવા માટેની લાયકાત. |
| ૮૫ | રાષ્ટ્રપતિને સંસદના દરેક ગૃહની બેઠક બોલાવવાની સત્તા છે. રાષ્ટ્રપતિ લોકસભાનું વિસર્જન કરી શકે છે. |
| ૮૬ | રાષ્ટ્રપતિ સંસદના કોઈપણ એક ગૃહને અથવા બંને ગૃહોને સંબોધન કરવાનો અધિકાર ધરાવે છે. |
| ૮૭ | લોકસભાની દરેક સામાન્ય ચૂંટણી પછીના પ્રથમ સત્રની શરૂઆતમાં અને દરેક વર્ષના પ્રથમ સત્રની શરૂઆતમાં રાષ્ટ્રપતિ સંસદના સંયુક્ત ગૃહને સંબોધન કરશે. |
| ૯૮ | સંસદના કોઈપણ ગૃહના કર્મચારીઓની ભારતી અને તે પર નિમાયેલ વ્યક્તિઓની ભરતી અને સેવાની શરતોનું નિયમન સંસદ કાયદાથી કરી શકે છે. |
| ૧૦૦ | કોઈપણ ગૃહમાં તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર તથા મતદાન કરતાં સભ્યોની બહુમતીથી નિર્ણિત કરવામાં આવશે. અધ્યક્ષને મત આપવાનો હોતો નથી પણ જ્યારે સરખા મતો થાય ત્યારે અધ્યક્ષ પોતાના નિર્ણાયક મત આપી શકે છે. (ગૃહમાં મતદાન અને કોરમ) |

| | |
|---|---|
| ૧૦૧ | કોઈપણ વ્યક્તિ એકી સમયે એક જ ગૃહના સભ્ય તરીકે રહી શકે છે. બંને ગૃહોમાં સભ્યપદ તે ધરાવી શકે નહિ. |
| ૧૦૨ | સંસદનો કોઈ ગૃહનો સભ્ય ગેરલાયકાતનો ભોગ બંને ત્યારે તેની બેઠક ખાલી થાય છે. ( ગૃહના સભ્ય તરીકે ગેરલાયકાતોના ધોરણો) |
| ૧૦૩ | |
| ૧૦૪ | કોઈપણ વ્યક્તિ પોતે એમ જણાવતી હોય કે પોતે ગૃહના સભ્ય થવા લાયક નથી અને તેમ છતાં ગૃહમાં બેસે તો રોજના રૂ. ૫૦૦૦/- લેખે તેનો દંડ થઇ શકે છે. |
| ૧૦૫ | સંસદના ગૃહો અને તેના સભ્યો અને સમિતિઓની મુક્તિઓ અને વિશેષાધિકારો. ( વાણી સ્વાતંત્ર્ય) |
| ૧૦૬ | સંસદ સભ્યોના પગાર અને ભથ્થાઓ સંસદ કાયદો ઘડીને નક્કી કરે તે મુજબના રહેશે. |
| ૧૦૭ | સંસદમાં ખરડો દાખલ અને પગાર થવા અંગેની જોગવાઈઓ. બંને ગૃહોમાંથી કોઈપણ એક ગૃહમાં ખરડો પસાર થાય ત્યારે જ તે પસાર થયેલો ગણાય છે. જો બંને ગૃહો સંમત ન હોય તો ખરડો પસાર થતો નથી તે ખરડો અમાન્ય ગણાય છે. |
| ૧૦૮ | કોઈ ખરડા પસાર થવાની બાબતમાં બંને ગૃહો વચ્ચે મતભેદ થાય ત્યારે આવા પ્રસંગે રાષ્ટ્રપતિ બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકે છે. |
| ૧૦૯ | સંસદમાં નાણા ખરડો પસાર કરવાની કાર્યવાહી નિયત કરવામાં આવી છે. |
| ૧૧૦ | નાણા ખરડાની વ્યાખ્યા અંગેની જોગવાઈ |
| ૧૧૧ | સંસદના બંને ગૃહોએ કોઈ ખરડો પ્રસાર કર્યા બાદ ખરડો રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવે છે.રાષ્ટ્રપતિની મંજૂરી બાદ તે ખરડો કાયદો બંને છે. |
| ૧૧૨ | સંસદમાં બંને ગૃહોમાં વાર્ષિક નાણાંકીય બજેટ રજૂ કરવામાં આવે છે. |
| ૧૧૩ | અનુદાનોની માગણીઓ સંબંધમાં સંસદમાં કાર્યવાહી અંગેની જોગવાઈ. અનુદાનની માગણી રજૂ કરવા માટે રાષ્ટ્રપતિની ભલામણ જરૂરી છે. તે સિવાય અનુદાનની માગણી રજૂ કરી શકાતી નથી. |
| ૧૧૪ | લોકસભાએ અનુદાનોને મંજૂરી આપ્યા બાદ વિનિયોગ ખરડા તરીકે ખરડો ગૃહમાં રજૂ કરવામાં આવે છે. |
| ૧૨૦ | સંસદમાં કામકાજ કરવાની ભાષાની અંગેની જોગવાઈ. સંસદમાં હિન્દી અથવા અંગેજી ભાષા કરવામાં આવશે. પરંતુ આ ભાષાઓ બરાબર જાણતો ન હોય તો અધ્યક્ષની મંજૂરીથી પોતાની માતૃભાષામાં ગૃહને સંબોધન કરી શકે છે. |
| ૧૨૧ | સંસદમાં ચર્ચા પર નિયંત્રણ અંગેની જોગવાઈઓ. |
| ૧૨૨ | સંસદીય કાર્યવાહી બાબતમાં તપાસ કરવા પર અદાલતી કાર્યવાહી પર નિયંત્રણ અંગેની જોગવાઈઓ. |
| **સંઘ ન્યાયતંત્ર** | |
| ૧૨૪ | સુપ્રીમ કોર્ટની રચના અંગેની જોગવાઈઓ. સંસદ, કારોબારી અને ન્યાયતંત્ર રાજ્યના ત્રણ |

ભારતીય બંધારણ

| | |
|---|---|
| | મુખ્ય અંગો છે. સુપ્રીમ કોર્ટમાં એક ચીફ જસ્ટીસ અને અન્ય ન્યાયાધીશો હોય છે. અત્યારે કુલ સંખ્યા ૨૬ છે. તેમની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે. |
| ૧૨૫ | ન્યાયતંત્રનું સ્વાતંત્ર્ય અંગેની જોગવાઈ |
| ૧૨૬ | કાર્યકારી ચીફ જસ્ટિસની નિમણૂંક અંગેની જોગવાઈ |
| ૧૨૭ | એડહોક જજ ની નિમણૂંક અંગેની જોગવાઈ |
| ૧૨૯ | સુપ્રીમ કોર્ટ કોર્ટ ઓફ રેકોર્ડની જોગવાઈઓ |
| ૧૩૦ | સુપ્રીમ કોર્ટની હકૂમત |
| ૧૩૧ | મૂળ હકૂમત વાપરવા અંગેની જોગવાઈઓ. |
| ૧૩૨ | બંધારણીય બાબતો |
| ૧૩૩ | સુપ્રીમ કોર્ટને દીવાની બાબતોમાં  હકૂમતોની  જોગવાઈ |
| ૧૩૪ | સુપ્રીમ કોર્ટને ફોજદારી બાબતોમાં  હકૂમતોની  જોગવાઈ |
| ૧૩૬ | સુપ્રીમ કોર્ટને ખાસ પરવાનગી આપવાની સત્તા છે તે અંગેની  જોગવાઈ |
| ૧૩૭ | સુપ્રીમ કોર્ટને પોતાના જજમેન્ટ કે ઓર્ડરનું પુનરાવલોકન કરવાની સત્તા આપવામાં આવી છે. |
| ૧૪૩ | ભારતીય બંધારણ અગાઉ ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૩૫ હેઠળ ફેડરલ કોર્ટને પણ સલાહકારી હકૂમત આપવામાં આવી છે. |
| ૧૪૮ | કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ જ્યારે પોતાનો કાર્યભાર સંભાળતા બંધ થાય, ત્યારબાદ તેઓ ભારત સરકાર કે રાજ્ય સરકાર હેહલ કોઈપણ કાર્યભાર સંભાળી શકે નહિ . |
| ૧૪૯ | કેન્દ્ર અને રાજ્યોના હિસાબો બાબતે સંસદે ઘડેલા કાયદાથી ઠરાવાયેલ ફરજો બજાવવાની હોય છે. |
| ૧૫૨ | રાજયમાં ‘ જમ્મુ અને કાશ્મીરનો રાજ્યમાં સમાવેશ થતો નથી. |
| ૧૫૩ | દરેક રાજ્ય માટે એક રાજ્યપાલ રહેશે. આમ છતાં બે કે તેથી વધારે રાજ્યો માટે એક રાજ્યપાલ હોઈ શકે છે. |
| ૧૫૪ | રાજ્યની કારોબરો સત્તા રાજ્યપાલમાં સ્થાપિત થાય છે. તેમણે મંત્રીમંડળની સલાહ મુજબ કારોબારી સત્તાનો ઉપયોગ સક્વાનો હોય છે. |
| ૧૫૫ | રાજયપાલની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે. |
| ૧૫૬ | રાજ્યપાલની મુદત પાંચ વર્ષની હોય છે. બંધારણમાં રાજયપાલને પદ પરથી દૂર કરવા માટે કોઈ જોગવાઈ નથી. |
| ૧૫૭ | રાજ્યપાલના પદ માટે તે ભારતનો નાગરિક હોય અને પાંત્રીસ વર્ષ પૂરા કરેલ હોવા જોઈએ. |
| ૧૫૮ | રાજ્યપાલના પદની શરતો. રાજ્યપાલ તરીકે પદ ગ્રહણ કરે ત્યારથી તેમણે ગૃહમાંથી પોતાની બેઠક ખાલી કરવાની રહેશે. |
| ૧૬૧ | રાજ્યપાલની સજા માફ કરવાની, મુલતવી રાખવાની કે સજા હળવી કરવાની સત્તા છે.  જોકે મૃત્યુદંડની સજા માફ કરવાની સત્તા નથી. આ સત્તા ફક્ત રાષ્ટ્રપતિ ને જ અપાયેલ છે. |
| પ્રધાનમંડળ | |

ભારતીય બંધારણ

| | |
|---|---|
| ૧૬૩ | રાજ્યપાલને મદદ અને સલાહ |
| ૧૬૪ | રાજ્યપાલ મુખ્યમંત્રીની નિમણૂંક કરે છે. મુખ્યમંત્રીની સલાહ મુજબ અન્ય પ્રધાનોની નિમણૂંક કરે છે. |
| ૧૬૫ | રાજ્યપાલને વળી અદાલતના ન્યાયાધીશના પદને નિમણૂંકને લાયક વ્યક્તિને રાજ્યના એડવોકેટ જનરલ તરીકે નિમણૂંક કરવાની સત્તા છે. |
| ૧૬૬ | રાજ્ય સરકારનું તમામ કારોબારી કામકાજ રાજયપાલના નામથી થશે. તેમની શી,સિક્કાવાળા હૂકમો અને દસ્તાવેજો નિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે રીતે પ્રમાણિત કરવામાં આવશે. |
| ૧૬૭ | મુખ્યમંત્રીની રાજ્યપાલને માહિતી આપવાની ફરજ અંગેની જોગવાઈઓ. |
| **રાજ્ય વિધાનગૃહ** | |
| ૧૬૮ | જે રાજ્યોમાં દ્વીગૃહી વિધાનગૃહ હોય ત્યાં એક ગૃહને વિધાનસભા અને બીજા ગૃહને વિધાનપરિષદ કહેવાય છે. (રાજ્ય વિધાનગૃહની રચના) |
| ૧૬૯ | વિધાન પરિષદની સ્થાપના કે સમાપ્તિની જોગવાઈ |
| ૧૭૦ | દરેક રાજ્યની વિધાનસભા, સીધી ચૂંટણીથી ચૂંટાયેલ સભ્યોની બનેલ હશે. વિધાનસભાની લઘુત્તમ સંખ્યા ૬૦ અને ગુરૂત્તમ સંખ્યા ૫૦૦ રહેશે. |
| ૧૭૧ | (વિધાન પરિષદની રચના) વિધાન પરિષદમાં ઓછામાં ઓછી સભ્ય સંખ્યા ૪૦ હોવી જોઈએ. રાજ્ય વિધાન પરિષદના કુલ સંખ્યાના એક તૃતીયાશથી સૌથી નજીકની સંખ્યાના સભ્યોની ચૂંટણી રાજ્યની નગરપાલિકાઓ, જિલ્લા બોર્ડો તથા સંસદના કાયદાથી નિયત કરાયેલ સ્થાનિક સત્તામંડળના મતદાર મંડળો કરશે. |
| ૧૭૨ | રાજ્ય વિધાનગૃહની મુદત તેની પ્રથમ બેઠક માટેની નિયત તારીખથી પાંચ વર્ષની રહેશે. પાંચ વર્ષ પૂરા થયેલ પછી વિધાનસભાનું વિસર્જન થયેલું ગણવામાં આવશે. |
| ૧૭૩ | વિધાનગૃહના સભ્ય થવા માટેની લાયકાત તેની ઉંમર ૨૫ વર્ષથી ઓછી અને વિધાન પરિષદ માટે ૩૦ વર્ષથી ઓછી હોવી જોઈએ નહિ. તે ભારતનો નાગરિક હોવો જોઈએ. |
| ૧૭૪ | રાજ્ય વિધાનગૃહની બેઠક બોલાવવાની સત્તા રાજ્યપાલની છે. એક સત્રનીછેલ્લી બેઠક અને તે પછીના સત્રની તેની પ્રથમ બેઠક માટેની નિયત તારીખો વચ્ચે છ માસ કરતાં વધારે સમય પસાર થયેલ હોવો જોઈએ. રાજ્યપાલને ગૃહનું વિસર્જન કરવાની સત્તા પણ છે. |
| ૧૭૫ | રાજયપાલનો ગૃહને સંબોધન કરવાનો વિશેષાધિકાર માટેની જોગવાઈ છે. |
| ૧૭૬ | રાજ્યપાલ દર વર્ષની શરૂઆતમાં વિધાનસભાની મળતી બેઠકને સંબોધન કરવા ફરજબદ્ધ છે. |
| ૧૭૭ | જે રાજ્યમાં બે ગૃહ હોય તેવી સંયુક્ત બેઠકને રાજ્યપાલ સંબોધન કરશે. |
| અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને લગતી જોગવાઈ | |
| ૧૭૮ | રાજ્ય વિધાનસભા પોતાના સભ્યોમાંથી એકની અધ્યક્ષ અને બીજાની ઉપાધ્યક્ષ તરીકે પસંદગી કરે છે. |
| ૧૭૯ | અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ હોદ્દાની મુદત પહેલાં, ગમે ત્યારે પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકે છે. |
| ૧૮૦ | અધ્યક્ષ પદ ખાલી થાય ત્યારે ઉપાધ્યક્ષ અધ્યક્ષ તરીકેની ફરજો બજાવે છે. જો ઉપાધ્યક્ષ પદ |

| | |
|---|---|
| | ખાલી થાય ત્યારે રાજ્યપાલ સૂચવે તે સભ્ય ફરજો બજાવશે. |
| ૧૮૧ | ઉપાધ્યક્ષ ને દૂર કરવાના ઠરાવની વિચારણા સમયે, ઉપાધ્યક્ષ સ્થાન લઇ શકે નહિ તેમણે પણ બેઠકમાં બોલવાનો અને મત આપવાનો અધિકાર છે. |
| ૧૮૨ | વિધાન પરિષદના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ |
| ૧૮૬ | વિધાનસભા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર અને ભથ્થાઓ રાજ્ય વિધાનસભા કાયદાથી નક્કી કરી શકે છે. |
| ૧૮૯ | વિધાનગૃહનું કોરમ |
| ૧૯૦ | વિધાનસભાના સભ્યની બેઠક ખાલી થવી. જો કોઈ સભ્ય પરવાનગી વિના ગૃહની તમામ બેઠકો ૬૦ દિવસ ગેરહાજર રહે, તો ગૃહ તેની બેઠક ખાલી જાહેર કરી શકે છે. |
| ૧૯૧ | વિધાનસભાના સભ્યપદ માટેની ગેરલાયકાતો અંગેની જોગવાઈઓ. |
| ૧૯૨ | ગૃહનો કોઈ સભ્ય ગેરલાયક બનેલ છે કે કેમ તે બાબતનો નિર્ણય રાજ્યપાલ કરશે. |
| ૧૯૩ | રાજ્યપાલ આ નિર્ણય કરતાં અગાઉ ચૂંટણી પંચનો અભિપ્રાય મેળવી તેને અનુસરશે. |
| ૧૯૪ | રાજ્ય વિધાનગૃહો, તેના સભ્યોની સત્તાઓ અને વિશેષાધિકારો અંગેની જોગવાઈઓ |
| ૧૯૫ | સભ્યનો વાણી સ્વાતન્ત્ર્યનો અધિકાર બંધારણની અન્ય જોગવાઈઓ, વિધાનગૃહ કાર્યવાહીના નિયમો અને સ્થાયી હુકમોને આધીન છે. |
| ૧૯૬ | કાયદો ઘડવાની પ્રક્રિયા અંગેની જોગવાઈઓ. |
| ૧૯૭ | વિધાન પરિષદની સત્તા પર નિયંત્રણ અંગેની જોગવાઈઓ |
| ૧૯૮ | કોઈપણ ગૃહમાં નાણા ખરડો પસારકર્યા બાદ વિધાન પરિષદને મોકલવાનો હોય છે. વિધાન પરિષદ ખરડો મળ્યાની તારીખથી ૧૪ દિવસમાં ભલામણો સાથે વિધાન પરિષદની ભલામણો નો સ્વીકાર કરવામાં આવે છે. |
| ૧૯૯ | ખરડો રાજ્યપાલને અનુમતિ માટે મોકલી અપાય છે. |
| ૨૦૦ | રાજયપાલ ખરડાની અનુમતિ અંગેની જોગવાઈઓ |
| ૨૦૧ | વિચારણા માટે અનામત ખરડો |
| ૨૦૨ | વાર્ષિક (બજેટ) નાણાંકીય નિવેદન |
| ૨૦૩ | રાજ્યપાલની ભલામણ વિના અનુદાન માટેની માગણીવિધાનસભામાં રજૂ કરી શકાતી નથી. |
| ૨૧૩ | રાજ્યપાલની વટહૂકમ પ્રગટ કરવાની સત્તા |
| **રાજ્ય વડી અદાલત** | |
| ૨૧૪ | દરેક રાજ્ય માટે વડી અદાલત રહેશે. |
| ૨૧૫ | વડી અદાલત કોર્ટ ઓફ રેકર્ડ ગણાય છે. એટલે કે તેને પોતાના તિરસ્કાર માટે શિક્ષા કરવાની સત્તા હોય છે. |
| ૨૧૬ | દરેક વડી અદાલતમાં એક ન્યાયાધીશ સહિત રાષ્ટ્રપતી વખતોવખત જેટલા જરૂરી ગણે. |
| ૨૧૭ | વડીઅદાલતના મુખ્ય ન્યાયાધીશ તેમ જ અન્ય ન્યાયાધીશોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે. |
| ૨૧૮ | વડી અદાલતના ન્યાયાધીશ તરીકે નિમણૂંકમાં તે ભારતનો નાગરિક હોવો જોઈએ અને વડી |

| | |
|---|---|
| | અદાલતોમાં કે બે કે તેથી અદાલતમાં ઓછામાં ઓછો દસ વર્ષ વકીલાત કરેલી હોવી જોઈએ. |
| ૨૧૯ | વડી અદાલતના ન્યાયાધીશે રાજ્યપાલ અથવા તેને સંબંધિત નિમેલ અન્ય કોઈ વ્યક્તિ દ્વારા સોગંધ લેવાના હોય છે. વકીલાત કરી શકે નહિ. |
| ૨૨૦ | વડી અદાલતના ન્યાયાધીશ વકીલાત કરી શકે નહિ. |
| ૨૨૧ | વડી અદાલતોના ન્યાયાધીશોના પગારો ચૂકવવાના હોય છે. સંસદના કાયદાથી ગેરહાજરીની રજા તેમન પેન્શન સબંધી અધિકારો માટે હકદાર બને છે. |
| ૨૨૨ | રાષ્ટ્રપતિ ભારતના મુખ્ય ન્યાયાધીશ સાથે વિચારણા કર્યા બાદ વડી અદાલતના ન્યાયાધીશ તરીકે બદલી કરી શકે છે. |
| ૨૨૩ | જ્યારે કોઈ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશનું પદ ખાલી અથવા ગેરહાજર કે કોઈ કારણસર ખાલી હોય ત્યારે કાર્યકારી ન્યાયાધીશની નિમણૂંક થઇ શકે છે. |
| ૨૨૪ | કોઈ રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ તે વડી અદાલત અથવા અન્ય કોઈ વડી અદાલતના  ન્યાયાધીશ તરીકે કાર્ય કરવાની વિનંતી કરી શકે છે. |
| ૨૨૫ | વડી |
| ૨૨૬ | વડી અદાલતને સરકાર કોઈ પણ સત્તાધિકારી અથવા વ્યક્તિ સામે આજ્ઞાપત્ર આપવાની સત્તા છે. |
| ૨૨૭ | દરેક વડી અદાલતને પોતાના પ્રદેશમાં આવેલ તમામ અદાલતો અને ટ્રીબ્યુનલ પર દેખરેખની સત્તા છે. |
| **તાબાની અદાલતો** | |
| ૨૩૩ | રાજ્યની કોઈપણ જિલ્લા માટે જિલ્લા ન્યાયાધીશ તરીકેની નિમણૂંક આપવાની સતા રાજ્યપાલને છે. ઓછામાં ઓછો સાત વર્ષની વકીલાતનો અનુભવ હોય તે વ્યક્તિને જ આવી નિમણૂંક મળી શકે છે. |
| ૨૩૪ | વડી અદાલત તરફથી નિમણૂંક માટે ભલામણ કરવામાં આવેલ હોવો જોઈએ. |
| ૨૩૫ | વડી અદાલત જિલ્લા ન્યાયાધીશ કરતાં ઉતરતા દરજ્જાનો હોદ્દો ધરાવનાર વ્યક્તિઓની નિમણૂંક અને તેમણે રજાની મંજુરી સહિત જિલ્લા અદાલતો અને તાબાની અદાલતો પર અંકુશ ધરાવે છે. |
| **સંઘ પ્રદેશો** | |
| ૨૩૯ | સંઘ પ્રદેશનો વહીવટ રાષ્ટ્રપતિ કરે છે. તે રાજ્યના રાજ્યપાલને વહીવટદાર તરીકે નિમણૂંક કરી શકે છે. |
| ૨૩૯ AA | દિલ્લીને રાષ્ટ્રીય રાજધાનીનો દરજ્જો આપવામાં આવ્યો છે. |
| ૨૩૯ AB | દિલ્હીમાં બંધારણીય તંત્ર નિષ્ફળ જાય ત્યારે અન્ય રાજ્યની માફક રાષ્ટ્રપતિશાસનની જોગવાઈ નથી. |

| | |
|---|---|
| ૨૩૯ B | વહીવટદારની વટહુકમ પ્રગટ કરવાની સત્તા ધરાવે છે. |
| ૨૪૧ | સંઘ પ્રદેશમાં વડી અદાલતની સ્થાપના માટે સંસદે કાયદો ઘડવો જોઈએ. કોઈ વખત એક રાજ્યની વડી અદાલત પડોશમાં આવેલ સંઘ પ્રદેશનો પણ હવાલો સંભાળી શકે છે. |
| **પંચાયતો** | |
| ૨૪૩ | પંચાયતોની ભલામણ (તા. ૨૪/૪/૧૯૯૩) |
| ૨૪૩/B | પંચાયતની રચના |
| ૨૪૩/C | પંચાયતોનું ગઢન |
| ૨૪૩/D | પંચાયતોમાં અનામત બેઠકો |
| ૨૪૩/E | પંચાયતોની સમયમર્યાદા |
| ૨૪૩/F | પંચાયતના સભ્યપદ માટે ગેરલાયકાતો |
| ૨૪૩/G | પંચાયતોની સત્તાઓ, સત્તાધિકાર અને જવાબદારી |
| ૨૪૩/H | પંચાયતોની કર લાદવાની સત્તાઓ |
| ૨૪૩/I | પંચાયતોમાં નાણાપંચની રચના |
| ૨૪૩/J | પંચાયતોના હિસાબોનું ઓડીટ |
| ૨૪૩/K | પંચાયતોની ચૂંટણીઓ |
| ૨૪૩/L | સંઘપ્રદેશમાં પંચાયતો |
| ૨૪૩/M | પંચાયતો અંગેની જોગવાઈઓ અમુક વિસ્તારોને લાગુ ન પડવા બાબત. |
| ૨૪૩/N | પ્રર્વતમાન કાયદાઓ અને પંચાયતો ચાલુ રહેવા અંગે |
| ૨૪૩/O | અદાલતોની હકૂમત સામે બાધ |
| **શહેર સુધરાઈઓ (૨૪૩/P થી ૨૪૩/Z) (તા. ૧/૬/૧૯૯૩)** | |
| ૨૪૩/P | શહેર સુધારી વ્યાખ્યા |
| ૨૪૩/Q | શહેર સુધરાઈઓની રચના |
| ૨૪૩/R | શહેર સુધરાઈઓનું ગઠન |
| ૨૪૩/S | શહેર સુધરાઈ સમિતિઓની રચના |
| ૨૪૩/T | શહેર અનામત બેઠકો |
| ૨૪૩/U | શહેર સુધરાઈની સમયમર્યાદા |
| ૨૪૩/V | શહેર સુધરાઈના સભ્યપદ માટે ગેરલાયકાતો |
| ૨૪૩/W | શહેર સુધરાઈની સત્તાઓ અને જવાબદારીઓ |
| ૨૪૩/X | શહેર સુધરાઈની કર લાદવાની સત્તા |
| ૨૪૩/Y | શહેર સુધરાઈઓની નાણાપંચની રચના જોગવાઈ |
| ૨૪૩/Z | શહેર સુધરાઈઓની હિસાબોનું ઓડિટ |
| ૨૪૩/ZA | નાણાપંચની રચનાની જોગવાઈ |

ભારતીય બંધારણ

| | |
|---|---|
| ૨૪૩/ZB | કેન્દ્રીય વિસ્તારોને લાગુ પાડવા બાબત |
| ૨૪૩/ZC | કેન્દ્રીય વિસ્તારોને લાગુ ન પાડવા બાબત |
| ૨૪૩/ZD | જિલ્લા આયોજન સમિતિની રચનાની જોગવાઈ |
| ૨૪૩/ZE | મેટ્રોપોલિટન આયોજન સમિતિ ની રચના જોગવાઈ |
| ૨૪૩/ZF | પ્રવર્તમાન કાયદાઓ અને શહેર સુધરાઈઓ ચાલુ રહેવા અંગે |
| ૨૪૩/ZG | અદાલતી હકૂમત સામે બાધ |
| **સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધો** | |
| ૨૪૫ | ધારાકીય સંબંધો : સંસદ અને રાજ્ય ધારાગૃહોએ કરેલ કાયદાઓ |
| ૨૪૬ | સંસદ અને ધારાગૃહોએ ઘડેલ કાયદાઓનું વિષયવસ્તુ |
| ૨૪૭ | સંસદની વધારાની અદાલતો સ્થાપવાની સત્તા |
| ૨૪૮ | કાયદા ઘડવાની શેષ સત્તાઓ |
| ૨૪૯ | રાષ્ટ્રીય હિતમાં સંસદની કાયદો ઘડવાની સત્તા |
| ૨૫૦ | કટોકટીનું જાહેરનામું અમલમાં હોય ત્યારે સંસદની કાયદો ઘડવાની સત્તા |
| ૨૫૧ | સંસદના અને રાજ્યના કાયદાઓ વચ્ચે વિસંગતતા |
| ૨૫૨ | રાજ્યોની સમિતિથી સંસદની કચ્હું ઘડવાની સત્તા |
| ૨૫૩ | આંતરરાષ્ટ્રીય સમજૂતીઓના અમલ માટે કાયદો |
| ૨૫૪ | સંસદના કાયદા અને રાજ્યના કાયદા વચ્ચે વિસંગગતા |
| **સંઘ અને રાજ્યો વચ્ચેના વહીવટી સંબંધો** | |
| ૨૫૬ | સંઘ અને રાજ્યોની ફરજ |
| ૨૫૭ | સંઘનો રાજ્યો પર અંકુશ |
| ૨૫૮ | સંઘની રાજ્યોને સત્તા સોંપવાની સત્તા |
| ૨૬૧ | જાહેર કૃત્યો, રેકર્ડઝ અને ન્યાયિક કાર્યવાહીઓ |
| ૨૬૨ | પાણી અંગે વિવાદ |
| ૨૬૩ | આંતરરાષ્ટ્રીય પરિષદ |
| **સંઘ અને રાજ્યો વચ્ચેના નાણાંકીય સંબંધો** | |
| ૨૬૫ | કર નાખવા માટે કાયદાની સત્તા |
| ૨૬૬ | ભારતના અને રાજ્યોના સંચિત નિધિઓ |
| ૨૬૭ | આકસ્મિક નિધિ |
| **સંઘ અને રાજ્યો વચ્ચે આવકની વહેંચણી** | |
| ૨૬૮ | સંઘની રાજ્યો દ્વારા વસૂલ લેવાતી જકાતો |
| ૨૬૮/A | સંઘનો સંઘ તેમજ રાજ્ય દ્વારા વસૂલ લેવાતો સેવા કર |
| ૨૬૯ | સંઘ દ્વારા વસૂલ લેવાયેલ અને રાજ્યને સોંપવામાં આવતી કરની રકમ |

| | |
|---|---|
| ૨૭૦ | સંઘ અને રાજ્યો વચ્ચે કરની વહેંચણી |
| ૨૭૧ | જકાતો પરનો સરચાર્જ અને સંસદે ઘડેલ કોઈ કાયદા હેઠળ ચોક્કસ હેતુઓ માટે લદાયેલ કર ભારત સરકાર દ્વારા લાદવામાં આવશે. |
| ૨૭૪ | કરવેરાના ખરડો માટે રાષ્ટ્રપતિની પૂર્વમંજૂરી |
| ૨૭૫ | સંઘ તરફથી રાજ્યોને અનુદાન |
| ૨૭૬ | વેપાર રોજગાર પરનો કર |
| ૨૮૦ | રાષ્ટ્રપતિને દર પાંચ વર્ષે નાણાપંચની રચના કરવાની સત્તા આપવામાં આવી છે. |
| **મિલકત, કરારો અને દાવાઓ** | |
| ૨૯૬ | ખાલસાથી, અધિકાર નાશ કે નધણીયાતી મિલકત |
| ૨૯૭ | પ્રાદેશિક જળ વિસ્તારની મૂલ્યવાન ચીજોની માલિકી |
| ૨૯૮ | વેપાર કરવાની સત્તા |
| ૨૯૯ | કરારો |
| ૩૦૦ | દાવાઓ |
| **મિલકતનો અધિકાર** | |
| ૩૦૦/A | મિલકતનો અધિકાર |
| ૩૦૧ | ભારતમાં વેપાર વાણિજ્ય સ્વાતંત્ર્ય |
| ૩૦૨ | વેપાર-વાણિજ્ય પર નિયંત્રણો |
| ૩૦૪ | રાજ્યોમાં વેપાર, વાણિજ્ય પર નિયંત્રણો |
| **કેન્દ્ર અને રાજ્યો હેઠળ સેવાઓ** | |
| ૩૦૯ | કેન્દ્ર અને રાજ્યોમાં કર્મચારીઓની ભારતી અને સેવાની શરતો |
| ૩૧૦ | કેન્દ્ર અથવા રાજ્યની સેવામાં રહેલ વ્યક્તિઓના પદની મુદત |
| ૩૧૧ | કેન્દ્ર અથવા રાજ્યની મુલ્કી સેવામાં નોકરિયાતોને રક્ષણ |
| ૩૧૨ | કોઈ વ્યક્તિને ફોજદારી ગુનામાં દોષિત ઠરાવવામાં આવેલ હોય તપાસ દરમ્યાન એકત્ર કરવામાં આવેલ પુરાવાના આધારે જ શિક્ષા કરી શકાય. |
| ૩૧૩ | જ્યારે સંબધિત અધિકારીને એમ ખાતરી થાય કે આવી તપાસ યોજવાનું વ્યવહારુ નથી, પરંતુ તે માટેના કારણોની લેખિત નોંધ કરાયેલી હોવી જોઈએ. |
| ૩૧૪ | જ્યારે રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલને એમ ખાતરી થાય કે રાજ્યની સલામતીના હિતમાં તપાસ યોજવાનું ઇચ્છનીય નથી. |
| ૩૧૫ | જાહેર સેવાપંચ |
| ૩૧૭ | જાહેર સેવાપંચનો ખર્ચ સાથે અહેવાલ |
| ૩૧૯ | જાહેર સેવા પંચના સભ્યોની નિમણૂંક, પદની મુદત અને સભ્યપદ બંધ થતાં હોદ્દા ધરાવવા પર પ્રતિબંધ |

ભારતીય બંધારણ

| | |
|---|---|
| ૩૨૦ | જાહેર સેવા પંચના કાર્યો |
| ૩૨૧ | કેન્દ્રની સેવાઓ તેમ જ રાજ્યની સેવાઓમાં નિમણૂંકો માટેની પરીક્ષાઓનું સંચાલન. કેન્દ્રીય જાહેર સેવા પાંચ અને રાજ્ય જાહેર સેવા પંચની સલાહ આપવાની ફરજ છે. |
| ૩૨૨ | જાહેર સેવાપંચનો ખર્ચની ચૂકવણી રાજ્ય સંચિત નિધિમાંથી કરવામાં આવશે. |
| ૩૨૩ | કેન્દ્રીય જાહેર સેવાપંચ દરવર્ષે પોતાની કામગીરીનો અહેવાલ રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરશે. પંચની સલાહ જે બાબતમાં અનુસરવામાં આવી ન હોય તેના કારનો સાથેનો અહેવાલ વિધાનગૃહ રજૂ કરાવશે. |
| ૩૨૩/A | વહીવટી ટ્રીબ્યુનલ |
| ૩૨૩/B | અન્ય બાબતો માટેની ટ્રીબ્યુનલ |
| ૩૨૪ | ચૂંટણીપંચ, મુખ્ય ચૂંટણી કમિશનર અને રાષ્ટ્રપતિ નક્કી કરે તેટલા સભ્યોનું બનેલું છે. ચૂંટણીપંચ ચૂંટણીઓ માટે મતદાર યાદી તૈયારી,સંચાલન, દેખરેખ અને નિયંત્રણ કરે છે. |
| ૩૨૫ | લોકસભા અને વિધાનસભા ચૂંટણીપંચ પુખ્ત મતાધિકારના ધોરણે યોજાશે. |
| ૩૨૬ | કોઈપણ વ્યક્તિ માત્ર,ધર્મ, જાતિ,જ્ઞાતિ , લિંગ કે આ પૈકીનાં કોઈપણ કારણસર મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે ગેરલાયક બનશે નહિ. |
| ૩૨૯ | દીવાની અદાલત માં કોઈ ચૂંટણી વિવાદ અંગે અરજી પર પ્રતિબંધ છે. (અદાલતની હકૂમત પર રોક ) |
| ૩૩૦ | લોકસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂષિત આદિજાતિઓ માટે અનામત બેઠકો માટેની જોગવાઈ. |
| ૩૩૧ | લોકસભામાં એંગ્લો ઇન્ડીયનોનું પ્રતિનિધિત્વ અંગે જોગવાઈ. રાષ્ટ્રપતિ આ જાતિના વધુમાં વધુ બે સભ્યોની લોકસભામાં નિમણૂંક આપી શકે છે. |
| ૩૩૨ | રાજ્ય વિધાનસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જન જાતિઓ માટે અનામત બેઠકોની જોગવાઈ. |
| ૩૩૩ | રાજ્ય ધારાસભામાં એંગ્લો ઇન્ડિયન જાતિનું પ્રતિનિધિત્વ રાજ્યપાલ તે જાતિના કોઈ એક સભ્યના ધારાસભામાં નિમણૂંક આપી શકે છે. |
| ૩૩૪ | અનામત બેઠકોમાં ૭૦ વર્ષ બાદ સમાપ્ત |
| ૩૩૮ | અનુસૂચિત જાતિ રાષ્ટ્રીય પંચની ફરજો અને અહેવાલ  તથા સત્તાઓ |
| ૩૩૯ | અનુસૂચિત જન જાતિઓ માટે રાષ્ટ્રીય પંચ |
| ૩૪૦ | પછાત વર્ગોની તપાસ માટે તપાસ પંચ |
| ૩૪૩ | હિન્દીને કેન્દ્રની સત્તાવાર ભાષા જાહેર |
| ૩૪૫ | રાજ્યની સત્તાવાર ભાષા |
| ૩૪૬ | રાજ્યો વચ્ચેના વ્યવહારની સત્તાવાર ભાષા હિન્દી |
| ૩૪૭ | જો રાષ્ટ્રપ્રતી સંતોષ થાય કે રાજ્યની વસ્તીનો મોટો ભાગ, પોતાને ત્યાં બોલાતી ભાષાનો ઉપયોગ તે રાજ્યની રાખે તેમ ઈચ્છે છે અને જો તે મુજબની માગણી કરવામાં આવે તો તે |

| | |
|---|---|
| | ભાષા સત્તાવાર ભાષા કરી શકે. |
| ૩૪૮ | સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં અને ખરડો માટેની ભાષા |
| ૩૫૨ | રાષ્ટ્રપતિ દ્વારા દેશમાં કટોકટી જાહેર કરી શકાય છે. ( યુદ્ધ, બાહ્ય આક્રમણ કે સશસ્ત્ર બળવાના કારણો) |
| ૩૫૩ | જાહેરનામાની અસર |
| ૩૫૬ | રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ પાડી શકાય |
| ૩૫૭ | |
| ૩૫૮ | કોઈ રાજ્યમાં બંધારણીય તંત્ર ભાંગી પડવાના પ્રસંગે |
| ૩૫૯ | મૂળભૂત અધિકારોના અનલની મોકૂફી |
| ૩૬૦ | આર્થિક કટોકટી લાદવાની. |
| ૩૬૮ | બંધારણ સુધારો |
| ૩૭૦ | જમ્મુ કાશ્મીર રાજ્યનો ખાસ દરજ્જો |
| ૩૭૧/A | નાગાલેન્ડના વહીવટ માટે નવો ઉમેરાયો |
| ૩૭૨ | |
| ૩૭૩ | |
| ૩૭૪ | |

ભારતીય બંધારણ